# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, ભુજ

**Date : 31-10-2025 Day: Friday Morning : 7.55 to 8.00 am**

આકાશવાણી ભુજ સમાચાર **કલ્પના શાહ** વાંચે છે.

---

## PM-એકતા નગર:

પ્રધાનમંત્રી આજે એકતા નગર ખાતે સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિ નિમિત્તે રાષ્ટ્રીય એકતા દિવસ ઉજવણીનું નેતૃત્વ કરશે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી ગઈકાલથી ગુજરાતના બે દિવસના પ્રવાસે છે. દરમ્યાન ગઈકાલે એકતા નગર પહોંચ્યા પછી, પ્રધાનમંત્રીએ એકતાનગરમાં પ્રવાસીઓની સુવિધા માટે 25 ઈ-બસને લીલી ઝંડી આપી. હાલમાં, એકતા નગરમાં 30 ઈ-બસ પહેલેથી જ ચાલી રહી છે, તેથી હવે કુલ 55 ઈ-બસ પ્રવાસીઓની સેવામાં કાર્યરત રહેશે. આ બધી ઈ-બસ પ્રવાસીઓ માટે મફત મુસાફરી સેવાઓ પૂરી પાડે છે, જે એકતા નગરમાં મુસાફરીને વધુ આરામદાયક અને પર્યાવરણને અનુકૂળ બનાવે છે.

આ ઉપરાંત પ્રધાનમંત્રીએ એકતા નગર ખાતે 1 હજાર 140 કરોડ રૂપિયાથી વધુના વિકાસ પ્રોજેક્ટ્સનું ઉદ્ઘાટન અને શિલાન્યાસ કર્યું. આ પ્રોજેક્ટ્સનો ઉદ્દેશ્ય એકતા નગર વિસ્તારમાં પ્રવાસન અને ટકાઉપણું વધારવાનો છે. પ્રધાનમંત્રી રાજપીપળામાં બિરસા મુંડા આદિવાસી યુનિવર્સિટી અને ગરુડેશ્વર ખાતે હોસ્પિટાલિટી ડિસ્ટ્રિક્ટના પ્રથમ તબક્કાનું ઉદ્ઘાટન કરશે. તેઓ ભારતના રોયલ કિંગડમ્સના સંગ્રહાલય અને રમતગમત સંકુલ જેવા મહત્વપૂર્ણ પરિયોજનાઓનો શિલાન્યાસ પણ કરશે. આ પહેલો આદિવાસી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરતી વખતે ટકાઉ પયર્ટન, હરિત પરિવહન અને સ્માર્ટ આંતરમાળખાકીય સુવિધાઓને પ્રોત્સાહન આપવાના સરકારના વિઝનને પ્રતિબિંબિત કરે છે.

----------------------------------------------------------------------------------------

## PM-રાષ્ટ્રીય એકતા દિવસની ઉજવણી:

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આવતીકાલે લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મજયંતિની ઉજવણી ઉજવણીમાં ભાગ લઈ રહ્યા છે. શ્રી મોદી દિલ્હીમાં યોજાતી પ્રજાસત્તાક દિવસ પરેડની પેટર્ન પર એકતા નગર ખાતે યોજાનાર મુવિંગ પરેડના નિરીક્ષણ બાદ શ્રી મોદી આરંભ 7.0 અંતર્ગત 100માં કૉમન ફાઉન્ડૅશન કૉર્સના અધિકારી તાલીમાર્થીઓ સાથે સંવાદ કરશે.

---

## શ્રમ,કૌશલ્ય વિકાસ રોજગારમંત્રી કુંવરજી બાવળીયાની સમીક્ષા બેઠક:

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા ગ્રામીણ વિકાસ મંત્રી કુંવરજી બાવળીયાએ ભચાઉ ખાતે શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર તથા જિલ્લા ગ્રામ વિકાસ વિભાગના અધિકારીઓ સાથે સમીક્ષા બેઠક યોજીને કામગીરીની સમીક્ષા સાથે સુધારાત્મક જરૂરી સૂચનો આપ્યા હતા. ભચાઉ ITI ખાતે આયોજિત બેઠકમાં કેબિનેટ મંત્રીશ્રીએ જિલ્લાની ૧૧ ITI ની શૈક્ષણિક કામગીરી અંગે માહિતી મેળવીને ચાલતા ટ્રેડ કોર્ષ, ખૂટતી સુવિધાઓ, મહેકમ તેમજ આગામી સમય તથા કચ્છની ઇન્ડસ્ટ્રીઝની જરૂરિયાતને અનુલક્ષીને યુવાનોને રોજગારીના સંદર્ભે નવી કૌશલ્ય તાલીમ આપવા બાબતે સમીક્ષા કરી હતી.

તેમણે ભચાઉ ITI ની મુલાકાત લઈને ટ્રેડના ક્લાસરૂમ, છાત્રો દ્વારા બનાવેલા મોડલનું નિરીક્ષણ અને વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.આ પ્રસંગે તેમણે શ્રમ વિભાગની કામગીરીની સમીક્ષા કરતા શ્રમિકોને સરકારી યોજનાઓના મળવાપાત્ર લાભ, તેમની સલામતી, ઉદ્યોગોમાં નિયમિત ઇન્સ્પેક્શન, અકસ્માતના બનાવોમાં વળતર, સમાધાન કાર્યવાહી, ગ્રેજ્યુએટી સહિતની બાબતોની માહિતી મેળવીને અધિકારીઓને શ્રમિકોના અકસ્માતના કિસ્સામાં જરૂરી વળતર સમયસર મળી રહે તથા તેમના હક્કોનું રક્ષણ થાય તે દિશામાં કામગીરી કરવા જણાવ્યું હતું.

---

## DPA-મેરીટાઈમ એક્સિલેન્સ અચિવર્સ એવોર્ડ:

મેરીટાઇમ ઈનોવેશન ચલાવવા બદલ દીનદયાળ પોર્ટ ઓથોરિટીને 'મેરીટાઇમ એક્સેલન્સ એચિવર્સ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા છે.

મુંબઈ ખાતે આયોજિત ઈન્ડિયા મેરીટાઇમ વીક 2025માં DPA ને "ડ્રાઇવિંગ મેરીટાઇમ ઈનોવેશન" અને "પોર્ટ સસ્ટેનેબિલિટી પાયોનિયર" શ્રેણી હેઠળ કેન્દ્રીય બંદરો, શિપિંગ અને જળમાર્ગ મંત્રી સર્બાનંદ સોનોવાલ દ્વારા આ પ્રતિષ્ઠિત એવોર્ડ આપવામાં આવ્યો હતો.

આ સન્માન દરિયાઈ ક્ષેત્રમાં ટેકનોલોજીકલ શ્રેષ્ઠતા, બંદર આધુનિકીકરણ, ટકાઉપણું અને નવીનતા પ્રત્યે DPAની સતત પ્રતિબદ્ધતાના પુરાવા તરીકે ઉભરી આવ્યું છે. DPA એ ભારતના પ્રથમ મેગાવોટ-સ્કેલ ગ્રીન હાઇડ્રોજન પ્લાન્ટ, હાઇડ્રોજન ફ્યુઅલ સેલ બસો, સહિત અનેક નવીન પહેલોનું નેતૃત્વ કર્યું છે.

DPA ના અધ્યક્ષ સુશીલ કુમાર સિંઘે આ સિદ્ધિ પ્રાપ્ત કરવામાં સહયોગ આપનાર તમામ હિસ્સેદારો, બંદર વપરાશકર્તાઓ, ટ્રેડ યુનિયનો, કર્મચારીઓ અને શ્રમિકોનો આભાર માન્યો હતો.

---

## એકતા દિવસ રનફોર યુનિટી:

આજે લોહ પુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની 150 મી જન્મ નિમિતે જીલ્લા મથક ભુજ ખાતે સવારે આર.ડી.વરસાણી હાઈસ્કૂલ ખાતેથી રન ફોર યુનિટીનું આયોજન કરવામાં આવ્યું છે.

---